# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ०७૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


=============================================================

અખબારી યાદી તા. ૩૧-૧૨-૨૦૨૧

- **વ્યાપાર અને વેપારી વિરોધી ભાજપ સરકાર તાત્કાલીક અસરથી ટેક્ષટાઈલમાં કરેલો જી.એસ.ટી.નો વધારો પાંછો ખેંચે : જગદીશ ઠાકોર**
- **ભાજપ સરકાર દ્વારા કરવામાં આવતા ખોટા કેસો અને કનડગત સામે કોંગ્રેસપક્ષ વેપારીઓની ઢાલ બની ઉભી રહેશે : જગદીશ ઠાકોર**
- **જી.એસ.ટી.એ અણઘડ વહીવટી અને નિષ્ફળ અમલીકરણનું બેનમુન ઉદાહરણ : જગદીશ ઠાકોર**
- **ભાજપ સરકાર ગબ્બર સિંગ ટેક્ષ (જી.એસ.ટી.) મોડલથી ગુજરાતના વેપારીઓને દબાવવાનું - તોડ કરવાનું બંધ કરે : જગદીશ ઠાકોર**

વૈશ્વીક મહામારી કોરોના, આયોજન વગરનું લોકડાઉન અને અણઘડ વહિવટવાળું જી.એસ.ટી.ને પરિણામે દેશ અને ગુજરાતના મધ્યમ અને નાના વ્યાપારીના ધંધા - રોજગાર પડી ભાગ્યા છે. તાજેતરમાં કાપડ પર જી.એસ.ટી.નાં અસહ્ય ભાવવધારાનો વિરોધ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી જગદીશ ઠાકોરે જણાવ્યું હતું કે, દેશમાં ૨૫ કરોડ અને ગુજરાતમાં ૩૨ લાખ કરતા વધુ લોકો પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ટેક્ષટાઈલ ઈન્ડસ્ટ્રીઝ સાથે જોડાયેલા છે. સુરત, અમદાવાદ સહિત વ્યાપારીઓ પાસેથી નોટ અને વોટ લઈ રાજ્ય અને કેન્દ્રની ભાજપ સરકારે જી.એસ.ટી.માં રાહત આપવાને બદલે ૧૦૦ ટકાથી વધુનો ભાવ વધારો ઝીકી મંદી, મોંઘવારીમાં વેપારી સહીત સામાન્ય - મધ્યમવર્ગના પરિવારોને મુશ્કેલીમાં મુક્યા છે. વ્યાપાર અને વેપારી વિરોધી ભાજપ સરકાર જી.એસ.ટી.નું પોર્ટલ, ઈનપુટ ક્રેડીટ, નોંધણીમાં વિલંબ, વિસંગતતાઓ ભરેલી લાખો કરોડો રૂપિયાની પેનલ્ટી નોટીસો વગેરેમાં સુધારો કરવાની જગ્યાએ ટેક્ષટાઈલ ઉદ્યોગ પર જી.એસ.ટી.માં અસહ્ય ભાવવધારો કર્યો છે ત્યારે ગુજરાતના તમામ વ્યાપારી વર્ગ અને સામાન્ય - મધ્યમવર્ગના નાગરિકોના હિતમાં આ જી.એસ.ટી. વધારો તાત્કાલીક અસરથી પાછો ખેંચવામાં આવે તેવી કોંગ્રેસપક્ષ માંગ કરે છે.

મોટી મોટી જાહેરાતો, સહાયની માત્ર વાતો અને વચનો આપતી ભાજપ સરકારના શાસનમાં જી.એસ.ટી. કાઉન્સિલમાં તત્કાલીન નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ હાજર હોવા છતાં ગુજરાતની ઓળખ સમાન ટેક્ષટાઈલ ઉદ્યોગમાં પાંચ ટકા જી.એસ.ટી.ને વધારીને બાર ટકા કરવામાં આવ્યો ત્યારે ગુજરાત જાણવા માંગે છે કે કહેવાતી સંવેદનશીલ ભાજપ સરકાર કાઉન્સિલમાં ચુપ કેમ રહી ? તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી ગુજરાતના વ્યાપારીઓના હિતોની દુહાઈ દઈને કેન્દ્રની યુપીએ સરકારને બદનામ કરવાના કેટલાય આક્ષેપો કર્યા પરંતુ સત્તામાં આવતા જ આયોજન વગરનું લોકડાઉન, નોટબંધી, જી.એસ.ટી.ના તઘલગી નિર્ણયના પગલે નાના - મધ્યમ વ્યાપારીઓના વ્યાપાર - ઉદ્યોગોને તાળા વાગી ગયા છે. વધુમાં કપાસના ખેડૂતોને સબસીડી કે વ્યાપારીઓને રાહત આપવાની વાતો કરતી ભાજપ સરકારના શાસનમાં ગૌમાંસ, બીફ એક્ષપોર્ટમાં પીંક રેવોલ્યુશન થયું છે.

ચૂંટણી પહેલા ટેક્ષટેરેરીઝમથી વ્યાપારીઓ પાસેથી પૈસા લુંટે અને જો કોઈ વ્યાપારી મંડળ કે વ્યાપારી વર્ગ અવાજ ઉઠાવે તો તેની સામે પોલીસના દંડા, ઈન્કમટેક્ષની રેડ, જી.એસ.ટી.ના દરોડા વગેરે જેવા હથકંડાઓ અપનાવી વ્યાપારીઓના અવાજને દબાવવાનો પ્રયાસ કરે છે ભાજપ સરકાર જી.એસ.ટી.ના નામે ગુજરાતના વેપારીઓને દબાવવાનો - તોડ કરવાનું બંધ કરે. કોંગ્રેસ પક્ષ ગુજરાતના વ્યાપારી વર્ગને આશ્વસ્થ કરે છે કે ભાજપ સરકાર દ્વારા કરવામાં આવતા ખોટા કેસો અને કનડગત સામે કોંગ્રેસપક્ષ વેપારીઓની ઢાલ બની ઉભી રહેશે.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા